કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૭૮૬૦

તા. ૨/૨/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

શાળા તમામ ,

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત.

વિષય:- ઈન્ટરનેટ તેમજ ટેલીફોનની સુવિધા બાબત.

સંદર્ભ :- (૧) તા. 03/0૧/૧૮ ની નોંધ પર મે.અધ્યક્ષશ્રી ની મંજુરી અન્વયે.
(૨) તા. 30/0૧/૧૮ ની નોંધ પર મે.અધ્યક્ષશ્રી ની મંજુરી અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૩૩૫ પ્રાથમિક શાળાઓ છે. સર્વ શિક્ષા અભિયાન સુરત કોર્પોરેશન દ્વારા પણ શાળાઓમાં ઇન્ટરનેટની ગ્રાંન્ટ ફાળવવામાં આવે છે અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા પણ ટેલિફોન અને ઇન્ટરનેટની સુવિધા આપવામાં આવે છે. આથી ઇન્ટરનેટની સુવિધામાં ડુપ્લીકેશન ધ્યાને આવેલ છે.

સંદર્ભ - ૧ થી થયેલ નિર્ણય મુજબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન સુરત કોર્પોરેશન દ્વારા ઇન્ટરનેટની સુવિધા પુરી પાડવામાં આવે અને ટેલિફોનની સુવિધા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પુરી પાડવામાં આવે તો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ શાળાઓને ઇન્ટરનેટ અને ટેલિફોનની સુવિધાનો લાભ આપી શકાય. આથી તમામ શાળાઓમાં ઇન્ટરનેટની સુવિધા સર્વ શિક્ષા અભિયાન સુરત કોર્પોરેશન દ્વારા અને ટેલીફોનની સુવિધા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા આપવામાં આવશે.

સંદર્ભ - ૧ અન્વયે સંદર્ભ - ૨ થી મળેલ મંજુરી અત્રેની કચેરી દ્વારા હાલમાં જે શાળાઓમાં BSNL ની ટેલિફોન અને ઈન્ટરનેટની સુવિધા આપવામાં આવે છે તે તા. ૧૫/0૨/૧૭ થી બંધ કરી તમામ શાળા (૩૩૫ )માં માત્ર કોલીંગની સુવિધા માટે તા. ૧૬/0૨/૧૭ થી રીલાયન્સ જિઓ નું 4G POST PAID સીમ કાર્ડ આપવામાં આવશે. આ સીમ કાર્ડ કચેરી ખાતેથી મેળવવાના થાય છે જે માટે આપને ટેલિફોનીક જાણ કરવામાં આવશે. સીમ કાર્ડ લેવા માટે આચાર્યશ્રી એ જ ફરજિયાત આવવાનું રહેશે. તેમજ સ્થળ પર જ સીમ કાર્ડ મેળવી એકટીવેટ કરાવી લેવાનું રહેશે. આ સીમ કાર્ડ ઓફિસના કામકાજ માટે આપવામાં આવે છે આથી શાળાના આચાર્યશ્રી/શિક્ષકો એ શાળાના ઉપયોગ માટે જ આ કાર્ડ નો ઉપયોગ કરવાનો રહેશે. આ સીમ કાર્ડ નો ઉપયોગ આચાર્યએ વ્યકિગત ઇન્સટ્રુમેન્ટમાં કરવાનો રહેશે. આ સીમ કાર્ડ માં માસિક અનલીમીટેડ કોલિંગ અને 2GB ઇન્ટરનેટ નો ઉપયોગ કરવા મળશે. જેનુ બીલ કંપની દ્વારા ડાયરેક્ટ કચેરીને આપવામાં આવશે અને કચેરી મારફત બીલ ભરવામાં આવશે.

કોઇપણ કારણોસર શાળાના આચાર્યશ્રી લાંબી રજા પર જાય, અન્ય સંજોગોમાં વધુ દિવસો માટે શાળા છોડવાની થાય ત્યારે જે તે સમયે ઇ.ચા.આચાર્યશ્રી ને સીમ કાર્ડ ફરજિયાત સોપીણી કરવાની રહેશે.

જે શાળાઓમાં હાલમાં BSNL ની ઈન્ટરનેટ કે ટેલીફોનની સુવિધા ચાલુ છે તે બંધ કરવા માટે BSNL ના ઇજનેર આવે ત્યારે ટેલીફોનનું ઇન્સટ્રુમેન્ટ અને રાઉટર / મોડેમ BSNL નું હોય તો BSNL ને જમા કરાવી દેવાનું રહેશે અને જો શાળાનું હોય તો અચાર્યશ્રીની કસ્ટડીમાં લઇ લેવાનું રહેશે. જે શાળામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા BSNL ની ઈન્ટરનેટ કે ટેલીફોનની સુવિધા ચાલુ છે તે ૧૭/0૨/૧૮ ના રોજ બંધ થયેલ ના હોય તો અત્રેની કચેરીને તાત્કાલિક ટેલિફોનીક જાણ કરવાની રહેશે. સર્વ શિક્ષા અભિયાન સુરત કોર્પોરેશન દ્વારા ઇન્ટરનેટની ગ્રાન્ટ આપવામાં આવે છે તે માંથી YOU BROADBAND અથવા GTPL BROADBAND નું કનેશન શાળા કક્ષાએ થી લઇ શકાશે. YOU BROADBAND નો 18mbps નો વાર્ષિક રેટ રૂ. ૫૪૧0/- છે અને GTPL નો 8mbps નો ૧૮ માસ નો રેટ રૂ. ૩૫00/- છે . જે સુવિધા મેળવી લેવાની રહેશે.

એડિ.જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર
સર્વ શિક્ષા અભિયાન
સુરત કોર્પોરેશન

ઇ.ચા. શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

મો. નં. You Broadband - 9825000375, GTPL Broadband – 9879000860

નકલ રવાના સવિનય જાણ સારૂ :

- માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર શ્રી, સ્ટેટ પ્રોજેકટ કચેરી સર્વ શિક્ષા અભિયાન, સેકટર - ૧૭, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :

- નિરીક્ષકશ્રી તમામ . નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત.